# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા શ્રમિકોના ભોજન માટે અક્ષયપાત્ર ફાઉન્ડેશનને જથ્થાબંધ અનાજની સહાય

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ જણાવે છે કે, સુરત મહાનગરપાલિકા દ્વારા અક્ષયપાત્ર ફાઉન્ડેશન સંસ્થાના નેજા હેઠળ લેબર વર્ગ તથા તેમના પરિવારજનોને તૈયાર ભોજન પહોંચાડવાની સગવડ ઉભી કરવામાં આવી છે. સ્થાનિક તંત્રની અપીલને ધ્યાનમાં રાખીને ચેમ્બર દ્વારા જથ્થાબંધ અનાજ અક્ષયપાત્ર ફાઉન્ડેશનને પહોંચાડવામાં આવી રહયું છે.

દરમિયાન ગતરોજ સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનીધિ પાની અને આસિસ્ટન્ટ કમિશનર એન્ડ ઇન્ચાર્જ ડેપ્યુટી કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા સાથે ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતા, માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારી અને ફાયનાન્સ સેલના હેડ શ્રી રાકેશ જૈને અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી તેમજ આ ભગીરથ કાર્યમાં ચેમ્બર હજી કઇ રીતે મદદરૂપ થઇ શકે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ફાઉન્ડેશન દ્વારા દરરોજ એક લાખ જેટલા લોકોની રસોઇ બનાવવામાં આવે છે અને ત્યારબાદ ઝોન વાઇઝ શ્રમિકો તથા તેમના પરિવારજનો સુધી પહોંચાડવામાં આવે છે.